ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ઈન્ફોસીટી થી રીલાયન્સ ચોકડી સુધીનો માર્ગ સિકસલેન કરવામાં આવશે

## ટ્રાફિકનુ ભારણ વધતા આ માર્ગના વાઇડનીંગ પાછળ ૩ કરોડ ખર્ચાશે

ગાંધીનગર તા ૨૩

શહેરમાં ઈન્ફોસીટી થી રીલાયન્સ ચોકડી સુધીના માર્ગને ફોરલેનમાંથી સિકસલેન કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત ખ માર્ગના સરફેસીંગની સાથે ખઃ૬ થી ખ-૭ વચ્ચેના માર્ગને વાઈડનીંગ કરવાનુ બાકી કામ પણ પુર્ણ કરાશે. ઈન્ફોસીટી માર્ગને વાઈડનીંગ કરવા માટે અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરમાં વાઈબ્રન્ટ પુર્વે માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. સેકટરોના આંતરિક માર્ગોની દરખાસ્ત હજુ વિભાગ કક્ષાએ પેન્ડીંગ છે. જયારે થોડા સમય અગાઉ ચ માર્ગના રીસરફેસીંગનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. બીજીતરફ નવા સેકટરોમાં રીંગ રોડને યોગ્ય કરવા માટે પણ કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત નગરના ખ માર્ગને અનુલક્ષીને પણ વાઈડનીંગની બાકી કામગીરી પુર્ણ કરવા માટે આયોજન કરી દેવાયુ છે. જેમાં ખ માર્ગના સરફેસીંગનુ કામ હાથ ધરાયુ છે.જયારે ખ-૬ થી ખ-૭ વચ્ચે માર્ગ વાઈડનીંગનુ બાકી કામ પણ પુર્ણ કરવામાં આવશે. આ ઉપરાંત ઈન્ફોસીટીથી રીલાયન્સ ચોકડી સુધીના માર્ગને પણ વાઈડનીંગ કરવામાં આવશે. આ માર્ગ પર છેલ્લા ઘણાં સમયથી ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે.જયારે આ વિસ્તારમાં નવા બિલ્ડીંગો અસ્તિત્વમાં આવવાની સાથે વાહનોની અવરજવર વધતા માર્ગ પહોળો કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા માર્ગ વાઈડનીંગનુ કામ હાથ ધરાશે આ કામગીરી પાછળ રૂ ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ માર્ગને ફોરલેનમાંથી સિકસલેન કરવા માટે આયોજન કરાયુ છે. આગામી દિવસોમાં ઈન્ફોસીટી વિસ્તારમાં વધતા ટ્રાફિકનો અવરજવર કરવામાં પણ સરળતા રહેશે.

## બેસણું



અમારા ભાઈશ્રી **પરેશકુમાર જ્વાહરલાલ ત્રિવેદી** (Retd. Dy.SP) (પ્રાંતિજવાળા)નું તા. ૨૨/૧૧/૨૦૧૮ને ગુરૂવારના રોજ આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૫/૧૧/૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે** તેમના નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં. ૨૪૩/૨, શિવશક્તિ મંદિર સામે, સેક્ટર-૩/ન્યુ, ગાંધીનગર**

લી.

ગં.સ્વ. જ્યોતિબેન પ્રદિપકુમાર ત્રિવેદી
ગં.સ્વ. ભાવનાબેન પરેશકુમાર ત્રિવેદી
અ.સૌ. કલ્પનાબેન શૈલેષકુમાર ત્રિવેદી
સ્વ. પ્રદિપકુમાર જ્વાહરલાલ ત્રિવેદી
રોહન પરેશકુમાર ત્રિવેદી
શૈલેષકુમાર જ્વાહરલાલ ત્રિવેદી
રાજેશકુમાર જ્વાહરલાલ ત્રિવેદી

**સ્વ. જ્વાહરલાલ મણિશંકર ત્રિવેદી પરિવાર**

નોંધ : પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.
લિ. મયુરભાઈ કસ્તુરભાઈ શાહ (પ્રાંતિજ)



દેવ દિવાળી - ગાંધીનગરના ગ્રામ દેવતા સમા પંચદેવ મંદિરે પરંપરાગત દેવ દિવાળીની દિવ્ય ઉજવણી કરાય છે... પંચદેવ યુવક મંડળ દ્વારા ૧૧ હજાર દીવા પ્રગટાવી દિવ્ય અને ભવ્ય માહોલનું નિર્માણ કરાય છે... 'પરમ તેજે તું લઈ જા....'ના મંત્રને ચરિતાર્થ કરતું દિવ્ય કાર્ય ગાંધીનગરનું ઘરેણું છે... સૂર્યાસ્ત બાદ ૧૧ હજારથી વધુ દિવડા પ્રગટતા પંચદેવ મંદિર ઝળહળી ઉઠ્યું હતું... મોટી સંખ્યામાં નગરજનો દિપમાળા જોવા ઉમટ્યા હતા... પંચદેવ યુવક મંડળની પ્રવૃત્તિને નગરજનો અંતરના ઉમળકાથી વધાવતા હતા...

# મનપાનું કોકડુ ગુંચવાયુ

## મનપાના નવા હોદ્દેદારોની નિયુક્તીનો મામલો અટવાઈ જવા પામ્યો છે : હવે સોમવારે વધુ સુનાવણી હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાના નવા હોદ્દેદારોની નિયુક્તીને લઈ હવે કોકડુ વધુ ગુંચવાતુ જણાઈ રહ્યુ છે. કોંગ્રેસ દ્વારા કોર્ટમાં ચૂંટણીની પ્રક્રિયાને પડકારતી, અંકિત બારોટ દ્વારા મતાધિકારની રક્ષા કરતી અરજીઓ તેમજ પક્ષાંતર ધારા ભંગની ચાલેલી રહી અરજીઓ પરની સુનાવણી હવે સોમવારે હાથ ધરાશે.

આજે આ કેસની મુદતો હતી પરંતુ રજુઆતો પછી સોમવાર પર આગળની કાર્યવાહી હાથ ધરાશે તેમ જણાવાયુ છે.

ગાંધીનગર મનપાની ચૂંટણીમાં પ્રતિવાદી તરીકેના જવાબદાર અધિકારીને સોમવારે કોર્ટમાં હાજર રહેવા આદેશ કરાયાનું પણ જાણવા મળેલ છે.

લોકશાહીનું વસ્ત્રાહરણ કરી અને કાઉન્સીલરનું અપહરણ કરીને કોર્ટના હુકમનું મનધડત અર્થઘટન કરીને ચૂંટણી યોજાઈ હોવાનો અરજદારે આક્ષેપ કર્યો છે. ચૂંટણી રદ કરવા માટે અને નવેસરથી ચૂંટણી યોજવા માટે અરજદારે કરી છે માંત્ર સોમવારે સુનાવણી આગળ ધપશે.

ગાંધીનગર મનપામાં પમી નવેમ્બરે મળેલ સામાન્ય સભામાં મેયર - ડે. મેયર અને સ્થાયી સમિતિની ચૂંટણી સંપન્ન થઈ છે પરંતુ મેયરનો મત કોર્ટના આદેશ મુજબ બંધ કવરમાં છે અને કોર્ટમાં કવર ખુલ્યા બાદ પરિણામ જાહેર થશે તેવા આદેશ વડી અદાલતે આપ્યા છે.

મનપાના નવા હોદ્દેદારોની નિયુક્તીનો મામલો અટવાઈ જવા પામ્યો છે. જો કે હવે રાજકીય વર્તુળોની નજર સોમવાર પર મંડાયેલી છે.

# સમર્પણના મેદાનમાં આજે શંકરસિંહ વાઘેલાનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

પક્ષીય રાજકારણને તિલાંજલિ આપ્યા બાદ રાજકારણના અચ્છા ખેલાડી તરીકેની ઓળખ ધરાવતા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને વિપક્ષના પૂર્વ નેતા શંકરસિંહ વાઘેલાએ આજે તેમના સહકાર્યકરો, શુભેચ્છકો સ્નેહીજનોનું સ્નેહમિલન યોજ્યુ છે.

આજના આ સંમેલનમાં પાંચ દસકની રાજકીય ઘટનાઓના સાક્ષી પહેલીવાર સ્નેહમિલન સમારોહમાં કેમ રાજકારણમાં પ્રવેશ્યા, કેમ છોડ્યુ અને આ બન્નેની વચ્ચે કેવા અનુભવો થયા તેની વાતો સૌની સાથે મળીને કરશે તેમ મનાઈ રહ્યુ છે.

જો કે બાપુ આજે તેમની પ્રિય બાઈક પર સવાર થઈને સંમેલનના સ્થળે પહોંચશે. સમર્પણ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ આ સ્નેહમિલનની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

બાપુ સ્નેહમિલન યોજાવાનું છે તે સ્થળની મુલાકાતે ગયા હતા. ત્યાં કેસરીયા રંગનું કપડુ જોતાં જ તાકીદે દૂર કરવાની સૂચના આપી તેમણે આ સ્નેહમિલન કાર્યક્રમને રાજકીય ઓળખ આપવા



નથી માંગતા તેવા સ્પષ્ટ સંકેત પોતાના સમર્થકોને આપ્યા હતા.

તેમણે મિડિયાના મિત્રો સાથેની વાતમાં પણ કલ્યાણ રાજ્યની વાત વિસરાઈ હોવાનો ઉલ્લેખ

● અનુસંધાન પાન-૭ પર




નૂતન વર્ષાભિનંદન....
ગાંધીનગર સમાચારમાં આપની જાહેરખબર અને સમાચાર આપવા સંપર્ક કરો.
મો. : ૯૯૨૫૭ ૯૯૭૦૩
જનકભાઈ બી. રાવલ - પ્રતિનિધિ

સોમનાથ મહાદેવ મંદિર યુવક મંડળ અને બ્રહ્મપુરી, બ્રહ્મસમાજના જ્ઞાતિબંધુઓ
સર્વેને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.
મુ. પો. હડોલ, તા. સતલાસણ, જી. મહેસાણા



નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન...
મા-અંબાના સર્વે ભક્તજનોને માના આશીર્વાદ મળે તેવી પ્રાર્થના
એક શુભેચ્છક

વિશ્વનાથ દાદા આપ સૌના જીવનમાં દેવદિવાળીના પર્વથી સ્વર્ણિમ ઉજાસ પ્રસરાવે તેવી પ્રાર્થના સહ....
શાસ્ત્રી જનકભાઈ ભીખાભાઈ
જ્યોતિષ રત્નમ્
જ્યોતિષ વિશારદ
વાસ્તુ વિશારદ
હસ્તરેખા વિશારદ
ફેંગશુઈ વિશારદ
(ઓલ ઈન્ડિયા એસ્ટ્રોલોજી ફેડરેશન - મેમ્બર)
અંબિકા મંદિર, લિંભોઈ અને મુ.પો. ઉમેદપુરા
તા. ઈડર, જી. સાબરકાંઠા
મોબાઈલ નંબર
૯૯૨૫૭ ૯૯૭૦૩

નૂતન વર્ષનો પ્રત્યેક દિન આપ સૌના માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિમય બને તેવી મા-દશામાને પ્રાર્થના સહ...
નૂતન વર્ષાભિનંદન
શ્રી બુઢિયા દશા માતાજી મંદિર
ભક્તશ્રી દિવાબેન પૂંજીરામ પટેલ
ફોન : ૦૨૭૭૮-૨૩૧૪૬૫

નૂતન વર્ષ સર્વ ભક્તો માટે શુભ-લાભ આપનાર નિવડે તેવી ગોગ મહારાજ માતાજીને પ્રાર્થના સહ...
નૂતન વર્ષાભિનંદન...
ભગત શામળદાસ
ઉમેદપુરા, ગોગ મહારાજ તથા માતાજી મંદિર
તાલુકો - ઈડર, જિલ્લો : સાબરકાંઠા
ફોન : ૦૨૭૭૮ - ૨૪૭૩૫૪

હડોલ વીર દુસકાબાવજી મંદિર
તથા ભેજનાર અલખધુણી મંદિરના દરેક ભાવિક ભક્તોને
નૂતન વર્ષાભિનંદન
મુ. પો. હડોલ, તા. સતલાસણ, જી. મહેસાણા

નૂતન વર્ષનો પ્રત્યેક દિન આપ સૌના જીવનમાં પ્રેમનો પરિમલ પ્રસરાવે તેવી શુભકામનાઓ
વીરમહારાજ
ચોરીવાડ ગામ પાસે, તા. વડાલી, જી. સાબરકાંઠા
સેવક : વીરાભાઈ ભગત


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com